# નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કેસીજી)

**એલ.ડી. એન્જિ. કોલેજની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ.**

## IAS સ્ટડી સેન્ટર ખાતે પ્રવેશ પરીક્ષા જાહેરાત

ગુજરાત રાજ્યની ૧૦ યુનિવર્સિટીઓ/ કોલેજો ખાતે UPSC/GPSC જેવી પરીક્ષા માટેના નિ:શુલ્ક કોચિંગ વર્ગમાં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા-૨૦૨૬ માટે કેસીજી દ્વારા ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. જે અન્વયે ઉમેદવારે https://gtuadm.samarth.edu.in/ વેબસાઈટ પર તા.૧૩/૦૭/૨૦૨૬ (સવારના ૧૧.૦૦ કલાકથી) થી તા. ૨૭/૦૭/૨૦૨૬ (સમય રાત્રિના ૨૩.૫૮ કલાક સુધી) ઓનલાઈન અરજી કરવાની રહેશે. પ્રવેશ ઈચ્છુક ઉમેદવારે વેબસાઈટ પરની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચીને અરજી કરવાની રહેશે.

ક્રમાંક/સંમાનિ/અમદા/૪૧૮/૨૦૨૬ — સી.ઈ.ઓ., કેસીજી

# નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કેસીજી)

પ્રજ્ઞા પુરમ કેમ્પસ, PRL સામે, એલ.ડી. એન્જી. કોલેજની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ


## IAS સ્ટડી સેન્ટર

## પ્રવેશ પરીક્ષા માટે અગત્યની સૂચના

IAS સ્ટડી સેન્ટર દ્વારા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ માટે વર્ષ ૨૦૨૬-૨૭ માટેની પ્રવેશ પરીક્ષા - ૨૦૨૬ માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ ઓનલાઈન જમા કરાવવા માટેની છેલ્લી તારીખ ૨૭ જુલાઈ, ૨૦૨૬ રહેશે. જે ઉમેદવારોના અરજીની તારીખે ૨૦ વર્ષ પૂર્ણ થતા હોય અને સ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કર્યો હોય તેવા ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ/વ્યક્તિઓ નીચે ક્રમ-૧માં દર્શાવેલ ૧૦ સેન્ટરો ખાતેના IAS સ્ટડી સેન્ટરની પ્રવેશ પરીક્ષા - ૨૦૨૬ માટે ઓનલાઈન અરજી કરી શકે છે. પ્રવેશ પરીક્ષા – ૨૦૨૬ના પરિણામના આધારે મેરીટમાં આવેલ ઉમેદવારોએ મેરીટના આધારે પસંદ થયેલ સંસ્થા દ્વારા જયારે ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવામાં આવે ત્યારે ઓરીજીનલ ડોકયુમેન્ટસ રજૂ કરવાના રહેશે. ઉક્ત પ્રવેશ પરીક્ષા – ૨૦૨૬માં અરજી કરવા અંગેની સૂચનાઓ નીચે મુજબ છે.

**1) સેન્ટરોની યાદી:**

| ક્રમાંક | સેન્ટરનું નામ અને એડ્રેસ |
|---|---|
| 1. | **શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી**<br>સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગડકપુર, ગોધરા, પંચમહાલ – ૩૮૯૦૦૧ |
| 2. | **સરદાર પટેલ યુનિવર્સિટી**<br>યુનિવર્સિટી રોડ, વલ્લભ વિદ્યાનગર, આણંદ – ૩૮૮૧૨૦ |
| 3. | **વિર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી**<br>ઉધના - મગદલ્લા રોડ, સુરત – ૩૯૫૦૦૭ |
| 4. | **ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી**<br>મુન્દ્રા રોડ, ભુજ, કચ્છ – ૩૭૦૦૦૧ |
| 5. | **મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી**<br>ગૌરીશંકર લેક રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨ |
| 6. | **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ – ૩૬૦૦૦૫ |
| 7. | **ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી**<br>સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડિયા, જુનાગઢ – ૩૬૨૨૬૩ |

| | |
|---|---|
| 8. | **ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ**<br>એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦૦૦૬ |
| 9. | **એમ. એન. કોલેજ**<br>સેન્ટ્રલ બસ સ્ટેન્ડની બાજુમાં, વિસનગર – ૩૮૪૩૧૫ |
| 10. | **સરકારી વાણિજ્ય કોલેજ**<br>મહાત્મા મંદિરની બાજુમાં, સેક્ટર – ૧૫, ગાંધીનગર – ૩૮૨૦૧૬ |

દરેક સેન્ટર ખાતે ઉપલબ્ધ સીટોની યાદી નીચે મુજબ છે.

| **ક્રમાંક** | **સંસ્થાનું નામ** | **શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટેની સીટની સંખ્યા** |
|---|---|---|
| 1 | શ્રી ગુરુ ગોવિંદ યુનિવર્સીટી, ગોધરા | ૫૦ |
| 2 | ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સીટી | ૫૦ |
| 3 | સરદાર પટેલ યુનિવર્સીટી, આણંદ | ૭૫ |
| 4 | વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી, સુરત | ૧૦૦ |
| 5 | સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ | ૧૦૦ |
| 6 | ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જૂનાગઢ | ૭૫ |
| 7 | મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટી, ભાવનગર | ૭૫ |
| 8 | ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ | ૨૨૦ |
| 9 | એમ. એન. કોલેજ, વિસનગર | ૭૫ |
| 10 | ગવર્નમેન્ટ કોમર્સ કોલેજ, ગાંધીનગર | ૧૮૦ |
| **કુલ સંખ્યા** | | **૧૦૦૦** |

તેમ જ આ સીટોનું વિભાજન નીચે મુજબ છે.

| **UR** | **SC** | **ST** | **SEBC** | **EWS** | **Total** |
|---|---|---|---|---|---|
| 41% | 7% | 15% | 27% | 10% | **100%** |

a) ઉમેદવારોએ ઉક્ત સેન્ટર પૈકી જે સેન્ટર પસંદ કરવા માંગતા હોય તે સેન્ટર ઓનલાઈન અરજીમાં પસંદ કરવાનું રહેશે.

**b) ઉમેદવાર ઓછામાં ઓછુ એક અને વધુમાં વધુ ૩ સેન્ટર્સ પસંદ કરી શકશે. આ**

**માટે તેણે અરજી કરતી વખતે પ્રાયોરીટી ક્રમ દર્શાવવાનો રહેશે. જો ઉમેદવાર કોઈ સેન્ટર પસંદ નહિ કરે તો તેની કોઈ પસંદગી નથી અને તે કોઈપણ સેન્ટર પર જવા તૈયાર છે તેમ માનવામાં આવશે. પરિણામે, ઉમેદવાર પસંદગી મુજબ મહત્તમ (૩ - ત્રણ) સેન્ટર્સ પસંદ કરે તે હિતાવહ છે.**

c) દરેક ઉમેદવારને મેરીટના આધારે સેન્ટરની ફાળવણી કરવામાં આવશે.

d) ગુજરાત રાજ્ય સરકારના નિયમો અનુસાર દરેક IAS સ્ટડી સેન્ટર ખાતે દિવ્યાંગ ઉમેદવારો માટે કુલ સીટમાંથી ૩% સીટો આરક્ષિત રાખવામાં આવશે.

e) દરેક સેન્ટર પર ૧૦% સીટોની વેઇટીંગ યાદી બનાવવામાં આવશે. જો કોઈ પસંદ થયેલ ઉમેદવાર સેન્ટર પર હાજર ન થાય કે સતત ગેરહાજર રહે કે અધવચ્ચે કોચિંગ વર્ગ છોડી દે તેવા સંજોગોમાં વેઇટીંગ યાદીના ઉમેદવારને મેરીટના ધોરણે સેન્ટર દ્વારા પસંદ કરી શકાશે.

## 2) શૈક્ષણિક લાયકાત અને પાત્રતા:

A. શૈક્ષણિક લાયકાત: કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા કાયદાથી સ્થાપિત માન્ય યુનિવર્સિટી/ ડીમ્ડ યુનિવર્સિટીમાંથી ગુજરાત રાજ્યમાંથી સ્નાતક થયેલ હોવા જોઇએ **અથવા** ગુજરાત રાજ્યનો વતની તેમજ સ્નાતક થયેલ હોવો જોઈએ.

B. ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.

C. જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, સંબંધિત જાતિ પ્રમાણપત્રો, સામાજીક-શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટેનું નોન-ક્રીમીલેયર સર્ટીફિકેટ, આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર તથા અન્ય તમામ ડોક્યુમેન્ટસ સંસ્થા દ્વારા જે તારીખે રજૂ કરવા જણાવવામાં આવે તે તારીખની સ્થિતિએ સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓના અનુસંધાને ધ્યાનમાં લેવામાં આવશે.

## 3) વયમર્યાદા: (અરજીની તારીખે)

A. ઓછામાં ઓછા ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૩૨ વર્ષ સુધી

B. બિનઅનામત (General Category) અને આર્થિક રીતે નબળા વર્ગ (Economically Weaker Section) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે નહીં

C. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ ત્રણ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

D. અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

E. માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ ઉપરાંત વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

F. દિવ્યાંગ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ ઉપરાંત વધુમાં વધુ દસ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

## 4) <u>પ્રવેશ પરીક્ષા ફી (Non-Refundable):</u>

- તમામ ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષાની ફી ભરવી ફરજિયાત છે. અન્યથા પ્રવેશ પરીક્ષામાં બેસી શકાશે નહીં. પ્રવેશ પરીક્ષા ફી Non Refundable છે.
- પ્રવેશ પરીક્ષા ફી રૂ. ૩૦૦/- (રૂપિયા ત્રણ સો પૂરા) તા.૦૬ જુલાઈ, ૨૦૨૬ (સવારના ૧૧.૦૦ કલાકથી) થી તા.૨૦ જુલાઈ, ૨૦૨૬(સમય રાત્રિના ૨૩.૫૮ કલાક સુધી) સુધી ઓનલાઇન મોડમાં જ ભરવાની રહેશે. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.
- પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારે <u>https://gtuadm.samarth.edu.in/</u> વેબસાઇટ પર Payment પર ક્લિક કરી પ્રવેશ પરીક્ષા ફી ઓનલાઇન ભરવાની રહેશે. તેમજ ભરેલ ફી ની Receipt પણ મેળવીને પોતાની પાસે રાખવાની રહેશે.
- પ્રવેશ પરીક્ષા ફી ભરાય છે કે કેમ તે સુનિશ્વત કરવાની જવાબદારી તમામ ઉમેદવારોની રહેશે.
- પ્રવેશ પરીક્ષા ૨૦૨૬ માટે ઓનલાઇન ફોર્મ ભરવા અને પ્રવેશ પરીક્ષા ફી ભરવા અંગેના મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે iasstudycentre-edu@gujgov.edu.in નો ઉપયોગ કરવો. iasstudycentre-edu@gujgov.edu.in પર ઈ-મેઈલ કરતી વખતે મોબાઈલ નંબર અવશ્ય દર્શાવો, જેથી જરૂરી સંપર્ક કરી શકાય.

## 5) <u>પ્રવેશ પરીક્ષા:</u>

A. પ્રવેશ પરીક્ષાની તારીખ, સમય, સ્થળ તેમજ અન્ય જરૂરી માહિતી હવે પછી <u>https://gtuadm.samarth.edu.in/</u> વેબસાઇટ પર જણાવવામાં આવશે. પ્રવેશ પરીક્ષાની તમામ માહિતી મેળવવામાં માટે <u>https://gtuadm.samarth.edu.in/</u> વેબસાઇટ જોતા રહેવું.

B. ઉમેદવારે અરજી ફોર્મમાં દર્શાવેલ મોબાઇલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. પર પ્રવેશ પરીક્ષા સંબંધિત તમામ સૂચનાઓ/માહિતી મોકલી આપવામાં આવશે. જેથી મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. પર આવતા મેસેજ અને મેઈલ સમયાંતરે જોતા રહેવું.

C. ઉમેદવારને પ્રવેશ પરીક્ષા માટે જે સેન્ટર/કેન્દ્ર ફાળવવામાં આવે તે જ સેન્ટર/કેન્દ્ર પર તેણે પરીક્ષા આપવાની રહેશે.

D. પ્રવેશ પરીક્ષા માટે જનરલ સ્ટડીઝનું કુલ ૨૦૦ ગુણના – Multiple Choice Question મુજબ લેવામાં આવશે. જેની વિગત નીચે મુજબ છે.

E. હેતુલક્ષી પ્રવેશ પરીક્ષા (Multiple Choice Question Exam)

| **વિષય** | **કુલ પ્રશ્નો** | **કુલ ગુણ** |
| --- | --- | --- |
| જનરલ સ્ટડીઝ | ૧૦૦ | ૨૦૦ |
| પ્રવેશ પરીક્ષા માટેનું કેન્દ્ર: વિગતવાર કેન્દ્રની જાણ અંગે ઉમેદવારે પ્રવેશપત્ર (Hall Ticket) | | |

| https://gtuadm.samarth.edu.in/ વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરવાની રહેશે. |
|---|
| **નોંધ:**<br>**1. પરીક્ષા દરમિયાન વિકલ્પ પસંદગી બાબતની સૂચનાઓ**<br>• દરેક પ્રશ્ન માટે ૫ વિકલ્પ આપવામાં આવશે — A, B, C, D અને E.<br>• વિકલ્પની પસંદગી બોલપેન (બ્લ્યુ/કાળી)થી ફક્ત (● કરીને આપવાની રહેશે.<br>• **દરેક પ્રશ્નનો જવાબ આપવો ફરજીયાત છે.**<br>• **ઉમેદવારે** A, B, C, D પૈકી સાચા વિકલ્પની પસંદગી કરવાની રહેશે.<br>• જો ઉમેદવાર કોઈ પ્રશ્નને છોડવા માંગતો હોય તો પણ તેણે E વિકલ્પ પસંદ કરવાનો રહેશે.<br>• જો ઉમેદવાર કોઈપણ વિકલ્પ પસંદ નહીં કરે (અર્થાત A, B, C, D, Eમાંથી કોઈપણ માર્ક નહીં કરે), તો તે પ્રશ્ન ખોટો જવાબ ગણાશે અને નેગેટિવ માર્કિંગ લાગુ થશે.<br>• E વિકલ્પ પસંદ કરેલ પ્રશ્નો માટે નેગેટિવ માર્કિંગ લાગુ નહીં પડે, પરંતુ તે પ્રશ્ન માટે કોઇ ગુણ મળશે નહીં.<br>2. ખોટા જવાબ બદલ પ્રશ્નના 33% ગુણ બાદ કરવામાં આવશે.<br>3. અંધ ઉમેદવારને ૨૦ મિનીટ વધારાના સમય તરીકે આપવામાં આવશે તેમજ તેણે લેખન સહાયક માટે અગાઉથી મંજૂરી લેવાની રહેશે.<br>4. પ્રશ્નપત્ર હેતુલક્ષી પ્રકાર (બહુવિધ પસંદગી પ્રશ્ન) - હેતુલક્ષીપ્રકાર (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં)<br>5. પ્રવેશ પરીક્ષા સ્ટડી સેન્ટર્સ અથવા ઝોનમાં દર્શાવવામાં આવેલ નજીકના જીલ્લાની કોઈ યુનિવર્સિટી કે કોલેજ ખાતે અથવા નજીકના કોઈ ઉપલબ્ધ કેન્દ્ર ખાતે યોજવામાં આવશે. ઉમેદવારને ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર જ પરીક્ષા આપવી ફરજિયાત રહેશે અને તે અંગે ઉમેદવાર બંધનકર્તા રહેશે. પ્રવેશ પરીક્ષાના આયોજન તેમજ ઉમેદવારને ફાળવવામાં આવતા પ્રવેશ પરીક્ષાના કેન્દ્ર અંગેના તમામ નિર્ણયોમાં કેસીજી કચેરીનો નિર્ણય આખરી ગણાશે. પ્રવેશ પરીક્ષા સ્થળે સ્વખર્ચે આવવા – જવાનું રહેશે. |

F. **<u>હોલ ટીકીટ ડાઉનલોડ/પ્રિન્ટ આઉટ કરવા બાબત:</u>**

વૈકલ્પિક MCQ Based હેતુલક્ષી પ્રકારની પરીક્ષા માટે પ્રવેશ પરીક્ષા ફી ભરનાર ઉમેદવારે પ્રવેશપત્ર (Hall Ticket) https://gtuadm.samarth.edu.in/ વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરવાની રહેશે. પ્રવેશપત્ર (Hall Ticket) ડાઉનલોડ કરવાની તારીખ અને સમય https://gtuadm.samarth.edu.in/ વેબસાઈટ પર દર્શાવવામાં આવશે. પ્રવેશ પરીક્ષાની તારીખ, સમય તેમજ પરીક્ષા સ્થળની વિગતવાર માહિતી https://gtuadm.samarth.edu.in/ વેબસાઈટ પર દર્શાવવામાં આવશે તેમજ ઉમેદવારે અરજી ફોર્મમાં દર્શાવેલ મોબાઇલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. પર મોકલી આપવામાં આવશે. જેથી https://gtuadm.samarth.edu.in/ વેબસાઈટ, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. જોતા રહેવું. ઉમેદવારને જે પરીક્ષા કેન્દ્ર ફાળવેલ હશે તે સ્થળે પરીક્ષા આપવા જાય ત્યારે આ હોલટીકીટ તેમજ આધાર કાર્ડ/ પાન કાર્ડ/ ચુંટણી કાર્ડ/ ડ્રાઈવીંગ લાયસન્સ/ પાસપોર્ટ પૈકી કોઈ એક સરકારી માન્ય આઈડી પ્રૂફ

ફરજીયાત સાથે રાખવાના રહેશે.

G. **<u>પરીક્ષાનો અભ્યાસક્રમ:</u>**

| ક્રમાંક | વિષય | પ્રશ્નો | કુલ ગુણ | સમય |
|---|---|---|---|---|
| 1. | Current events of national and international importance | ૧૨ | ૨૦૦ | ૨ કલાક |
| 2. | History of India and Indian national movement | ૧૩ | | |
| 3. | Indian and World Geography – physical, social, economic geography of India and the world | ૧૦ | | |
| 4. | Indian Polity and governance – constitution, political system, Panchayati Raj, public property, Rights Issues, etc. | ૧૦ | | |
| 5. | Economic and social development – sustainable development, poverty, inclusion, demographics, social sector initiative, etc. | ૧૦ | | |
| 6. | General issues on environmental ecology, bio-diversity and climate change – that do not require subject specialization | ૭ | | |
| 7. | General Science | ૧૦ | | |
| 8. | Logical reasoning and analytical ability. | ૪ | | |
| 9. | Decision making and problem solving | ૪ | | |
| 10. | General mental ability | ૧૦ | | |
| 11. | Basic numeracy (numbers and their relations, orders of magnitude etc. (Class X level), Data interpretation (charts, graphs, tables, data sufficiency etc. – Class X level) | ૧૦ | | |
| | **કુલ પ્રશ્નો** | ૧૦૦ | | |

H. **અંતિમ પરીણામ:** પ્રવેશ માટેની વૈકલ્પિક MCQ Based હેતુલક્ષી પ્રકારની પરીક્ષાના ૨૦૦ ગુણના આધારે તૈયાર કરેલ મેરીટયાદી વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. ત્યારબાદ ઉમેદવારોના મેરીટ, કેટેગરી અને IAS સ્ટડી સેન્ટરની પસંદગીના પ્રેફરન્સ મુજબ સંબંધિત IAS સ્ટડી સેન્ટરો ખાતે સંખ્યાબળ ભરવામાં આવશે.

**6) <u>અરજી કરવાની રીત:</u>**

A. ઓનલાઇન અરજીપત્રક ભરવા અંગેનું માર્ગદર્શન મેળવવા માટે નીચેની લિંક પર ક્લિક કરવું. https://gtuadm.samarth.edu.in/

B. વધુમાં, ઓનલાઇન ફોર્મ ભરતી વખતે "Education Qualification" પરની વિગતોમાં દરેક ઉમેદવારે પોતાની સ્નાતક લાયકાતમાં Institute Name and Exam Bodyમાં જે કોલેજમાંથી સ્નાતક કર્યું હોય તે કોલેજનું નામ અવશ્ય દર્શાવવાનું રહેશે.

**7) <u>સામાન્ય સૂચનાઓ:</u>**

A. વૈકલ્પિક MCQ Based હેતુલક્ષી પ્રકારની પરીક્ષા માટે પ્રવેશ પરીક્ષા ફી ભરનાર ઉમેદવારે પ્રવેશપત્ર (Hall Ticket) https://gtuadm.samarth.edu.in/ વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરવાની રહેશે. પ્રવેશપત્ર (Hall

Ticket) ડાઉનલોડ કરવાની તારીખ અને સમય https://gtuadm.samarth.edu.in/વેબસાઈટ પર દર્શાવવામાં આવશે.

B. પ્રવેશપત્ર વગર પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

C. પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ પહેલાં ઉમેદવારે પોતાની બેઠક પર બેસી જવાનું રહેશે.

D. ઉમેદવારના યોગ્ય કારણને ધ્યાને લઇ, પરીક્ષા શરૂ થાય તે પછી વધુમાં વધુ ૧૦ મિનિટ સુધી જ પરીક્ષાખંડમાં પ્રવેશ મળી શકશે. પરંતું તે બદલ વધારાનો સમય મળવાપાત્ર થશે નહીં.

E. ઉમેદવાર પોતાની સાથે પરીક્ષા ખંડમાં કેલ્ક્યુલેટર, મોબાઇલ વગેરે જેવા કોઈપણ ઇલેક્ટ્રોનિક સાધનો, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલું કે હસ્તલિખિત સાહિત્ય રાખી શકશે નહી.

F. પુસ્તક, પેપર, લેખમાંથી કે અન્ય ઉમેદવારોમાંથી નકલ કરવી નહીં, કે નકલ કરવા માટે પ્રયાસો કરવા નહીં. તેમજ તમારા પેપરમાંથી અન્ય ઉમેદવારોને નકલ કરવા દેવી નહીં. આ સૂચનાના ભંગ બદલ ઉમેદવારને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

G. પરીક્ષા શરૂ થયા બાદ તે પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહીં.

H. પરીક્ષા પૂર્ણ થવા માટેનો બેલ વાગ્યાથી તુરત OMR Sheet નિરીક્ષકને સોંપી દેવાની રહેશે.

I. સફળ ઉમેદવારોના પરીણામની જાણ https://gtuadm.samarth.edu.in/ વેબસાઈટ પર કરવામાં આવશે. ઉમેદવાર, પરિણામની સાથે પરીક્ષાના માર્ક્સ તેમજ OMR Sheet અને Answer Key જોઈ શકશે.

J. સંસ્થા કોઇપણ ઉમેદવારને કે જેણે, (૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમિયાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારમાંથી નકલ કરવા કેલ્ક્યુલેટર, મોબાઇલ વગેરે જેવા કોઈપણ ઇલેક્ટ્રોનિક સાધનો,પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે (૮) પરીક્ષાખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણૂક કરવા માટે (૯) પરીક્ષાના સંચાલન કરવા માટે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે (૧૦) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઇપણ કૃત્ય કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે નિયમોનુસારની કડક કાર્યવાહી/ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત સંસ્થા, સંબંધિત ઉમેદવારને પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે.

K. IAS સ્ટડી સેન્ટર્સ તેમજ કોચિંગ અંગેની તમામ બાબતોનું ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

L. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો, ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમિયાન ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંસ્થા દ્વારા "રદ્દ" કરવામાં આવશે.

M. સંસ્થા દ્વારા લેવાનાર વૈકલ્પિક MCQ Based હેતુલક્ષી પ્રકારની પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને પ્રવેશ માટેનો હક મળી જતો નથી. પ્રવેશ સમયે સક્ષમ સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

N. પસંદગી પામેલ ઉમેદવારને જે તે IAS સ્ટડી સેન્ટરે વખતોવખતના/ પ્રવર્તમાન નિયમો મુજબ નિશ્ચિત શરતોને આધિન પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

O. ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણ માત્રથી પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે દાવો કરવાને હકદાર થશે નહીં, પરંતુ ઉમેદવારની અરજીને ધ્યાને લઈ તેની કેટેગરી, ઉંમર, શૈક્ષણિક લાયકાત વગેરે વિગતો અન્વયે તૈયાર થયેલ આખરી કેટેગરીવાઈઝ મેરીટને સક્ષમ સત્તાધિકારી દ્વારા મંજૂરી મળ્યા બાદ જ પ્રવેશ રાજ્ય સરકારની અનામત નીતિ અને મેરિટને ધ્યાને લઇને આપવામાં આવશે.

P. આ જાહેરાત, કોચિંગસ્થળ તથા પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યક્તા ઊભી થાય, તો તેમ કરવાનો સંસ્થાને સંપૂર્ણ અબાધિત હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા સંસ્થા બંધાયેલ રહેશે નહીં.

Q. સંસ્થા ખાતે પ્રવેશ મેળવેલ ઉમેદવારો ચાલુ કોચિંગ દરમિયાન ગેરશિસ્ત અથવા ગેરમાર્ગે દોરનારી પ્રવૃત્તિ કરશે કે કરાવશે, ઉશ્કેરણીજનક કે વાંધાજનક ભાષણો કે લખાણો કરશે અથવા ઉમેદવાર પાસે કે અન્ય ત્રાહિત વ્યક્તિ પાસે કરાવશે, સંગઠનો/કમિટી/યુનિયન બનાવી સ્પર્ધાત્મક પરીક્ષાના અભ્યાસને ધ્યાનમાં ન રાખતાં અન્ય પ્રવૃત્તિઓ કરશે એટલે કે એવી પ્રવૃત્તિઓ કે જે અન્ય ઉમેદવાર કે સંસ્થાને નુકસાનકર્તા કે હાનિકર્તા હશે તો તેવા સંજોગોમાં ચાલુ કોચિંગ દરમિયાન પણ પ્રવેશ મેળવેલ ઉમેદવાર કે ઉમેદવારોનો પ્રવેશ રદ કરવાની અબાધિત સત્તા સંસ્થાના સક્ષમ સત્તાધિકારીને રહેશે.

R. કેસીજી કચેરી, અમદાવાદ કે કોઈપણ IAS સ્ટડી સેન્ટર્સ ખાતે સદર કોચિંગ માટે હોસ્ટેલ સવલત મળવાપાત્ર રહેશે નહીં. પ્રવેશ મેળવેલ ઉમેદવારે સ્વખર્ચે રહેવા-જમવાની વ્યવસ્થા કરવાની રહેશે.

S. અંતિમ પરીણામ બાદ પસંદગી પામેલ ઉમેદવારે એડ્મિશન માટે રૂ.૨,૫૦૦/- (રૂ. બે હજાર પાંચસો પુરા)ની ડીપોઝીટ તેમ જ લાયબ્રેરીના પુસ્તકો વાપરવા માટે રૂ.૨,૫૦૦/- (રૂ. બે હજાર પાંચસો પૂરા)ની ડીપોઝીટ તેને ફાળવેલ IAS સ્ટડી સેન્ટર ખાતે જમા કરાવવાની રહેશે. ડિપોઝીટ નહીં ભરનાર ઉમેદવારનો પ્રવેશ કન્ફર્મ ગણવામાં આવશે નહી. વર્ષના અંતે જે ઉમેદવારની હાજરી ૭૫% અથવા તેનાથી વધુ હશે, તે ઉમેદવારને ડીપોઝીટની રકમ પરત આપવામાં આવશે, તેમ જ જે ઉમેદવારે લાયબ્રેરીમાંથી લીધેલા પુસ્તકને કોઈ પણ નુકસાન પહોંચાડ્યા વિના પરત કરેલ હશે તેમને જ લાયબ્રેરી ડીપોઝીટ પરત કરવામાં આવશે. જે ઉમેદવારની હાજરી ૭૫% થી ઓછી હશે તેમને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે નહિ તેમ જ જે ઉમેદવારોએ લાયબ્રેરીમાંથી લીધેલ પુસ્તકને કોઈ નુકસાન પહોંચાડ્યું હશે કે લાયબ્રેરીનું કોઈ પુસ્તક પરત નહિ કરેલ હોય તેમને લાયબ્રેરી ડીપોઝીટ પરત મળેશે નહિ. જેની સર્વે

ઉમેદવારોએ નોંધ લેવી.

T. પ્રવેશ મેળવેલ ઉમેદવારોએ કોચિંગના સ્થળે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે.

U. પ્રવેશ મેળવેલ ઉમેદવાર માટે કોચિંગ સ્થળે ૭૫% હાજરી આપવી ફરજીયાત રહેશે.

V. ઉક્ત મુદ્દાઓ અન્વયે ઉમેદવારની કોઇપણ પ્રકારની માંગણી/રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. તેમ છતાં આ બાબતે ઉમેદવાર કોઇપણ પ્રકારની લેખિત માંગણી/રજૂઆત કરશે તો તેમની આ માંગણી/રજૂઆત રદ્દબાતલ કરીને દફતરે કરવામાં આવશે અને સંસ્થા તેનો કોઇ પણ પ્રકારનો જવાબ આપવા માટે બાધ્ય રહેશે નહીં.

**8) <u>પ્રવેશ પરીક્ષાના પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓ:</u>**

A. **જનરલ સ્ટડીઝ પેપર :** ૨૦૦ માર્કસનું રહેશે. પ્રશ્નો હેતુલક્ષી (MCQ) પ્રકારના રહેશે.
(ઉક્ત પરીક્ષા આપવી ફરજીયાત છે. જો ઉમેદવાર પેપરમાં ગેરહાજર હશે તો તેવા ઉમેદવારની ગણતરી કરવામાં આવશે નહીં).

B. પ્રશ્નોના જવાબો અલગ આપેલ OMR Sheet પર જ લખવાના રહેશે. જવાબો બોલપેન (બ્લ્યુ/કાળી)થી ફક્ત (●) કરીને આપવાના છે. પ્રશ્નપત્રની ભાષા ગુજરાતી અને અંગ્રેજી રહેશે. ગુજરાતી ભાષાંતરમાં કોઇ મૂંઝવણ જણાય તો અંગ્રેજીમાં પૂછાયેલ પ્રશ્નની ભાષાનું અર્થઘટન આખરી ગણાશે.

C. OMR Sheet માં નિયત જગ્યાએ તમારો બેઠક નંબર અને Question Booklet Series અવશ્ય લખવી.

D. OMR Sheet માં જવાબ માટે બોલપેન (બ્લ્યુ/કાળી) થી (●) કરેલ નિશાની સિવાયનું કોઇપણ પ્રકારનું લખાણ અથવા એક કરતાં વધુ વૈકલ્પિક ઉત્તરો ગુણને પાત્ર થશે નહીં.

E. OMR Sheet ઉપર નિરીક્ષકની સહી છે કે નહીં તેની ખાત્રી કરી લેવી. જો તમારી OMR Sheet ઉપર નિરીક્ષકની સહી નહીં હોય તો તેવી OMR Sheet મૂલ્યાંકન માટે ગણાશે નહીં.

F. ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નમાં એક કરતાં વધારે જવાબ બદલ પ્રશ્નના ગુણના ૩૩% ગુણ બાદ કરવામાં આવશે. જે પ્રશ્નનો જવાબ આપવામાં નહીં આવે તેની કોઇ પેનલ્ટી થશે નહીં.

G. ઉમેદવારે સાચો બેઠક નંબર અને અરજીમાં દર્શાવેલ Question Booklet Series OMR Sheet માં અવશ્ય દર્શાવવાની રહેશે. અધુરી/ખોટી વિગતવાળી OMR Sheet ની ચકાસણી કરવામાં આવશે નહીં.

H. પરીણામ આકસ્મિક સંજોગો સિવાય પરીક્ષા પુરી થયા પછી અંદાજિત ૩૦(ત્રીસ) વર્કીંગ દિવસમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

I. પ્રવેશ પરીક્ષાનું મોડેલ પ્રશ્નપત્ર વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. જેના આધારે પ્રશ્નપત્ર વિશેની સમજ સ્પષ્ટ થશે.

J. પ્રવેશ પરીક્ષા ૨૦૨૬ સંબંધિત અપડેટ માટે વેબસાઇટ નિયમિત રૂપે જોતાં રહેવું.

તારીખ: ૧૦/૦૭/૨૦૨૫

સ્થળ: અમદાવાદ

**(સીઈઓ, કેસીજી)**